FRIDAY
13●03●2020
શુક્રવાર
વિ.સં.૨૦૭૬, ફાગણ વદ-૪/૫
પાના : ૦૪

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
નિડર અને નિષ્પક્ષ રાષ્ટ્રીય દૈનિક....

# સબંધ

થરાદથી પ્રસિદ્ધ થતુ દૈનિક

સંવર્ધક તંત્રી : સ્વ. શ્રી અનિરૂદ્ધ જગદીશ ત્રિવેદી ● Regd. No. GBK/54/2018-20 ● Vol : 07 No.10 ● RNI.No : GUJGUJ/2014/56540 ● તંત્રી : વિજયકુમાર અનિરૂદ્ધ ત્રિવેદી ● E-mail : sabandh58@gmail.com ● કિંમત : રૂા.૩/-

ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો, સેન્સેક્સ ૩૧૦૦ અંક સુધી ઘટ્યો, નિફ્ટી પણ ૮૯૮ અંક ઘટીને ૩૧ મહિનાના નીચલા સ્તરે

# શેરબજારને કોરોનાનો મહા માર..!, રોકાણકારોના ૧૧ લાખ કરોડ સ્વાહા

નિફ્ટીએ બે વર્ષમાં સૌપ્રથમ વખત ૧૦,૦૦૦ની સપાટી ગુમાવી, ૭૬૦ પોઈન્ટનું ગાબડું, બ્લેક ફ્રાઇડે, બ્લેક મન્ડે બાદ હવે ગુરૂવાર પણ થયો બ્લેક થર્સ્ડે..!

મુંબઈ,તા.૧૨

વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચીનની કોરોનાની બિમારીને મહામારી જાહેર કર્યા બાદ વૈશ્વિક બજારોમાં ગભરાટ વધ્યો હતો. અને ચારે તરફ વેચવાલીના કારણે ભારત સહિત વિશ્વભરના શેર બજારોની હાલત ખરાબ જોવા મળી રહી હતી. આજે ગુરુવારે, સપ્તાહના કમકાજના ચોથા દિવસે, ભારતીય શેરબજારમાં ફરી એક વાર મોટો જંગી કડાકો જોવા મળ્યો હતો.. આ ઘટાડોનો ટ્રેન્ડ સતત વધી રહ્યો હતો અને સવારે ૧૧ વાગ્યા પછી સેન્સેક્સ ૨૬૫૦ પોઈન્ટ અને નિફ્ટી ૭૫૦ પોઈન્ટ ગગડયા હતા. જે બપોરે વધીને ૩૧૦૦ પોઈન્ટ સુધી પહોંચી જતાં રોકાણકારોની અંદાજે અધધ.. ૧૧ લાખ કરોડની સંપત્તિનું ધોવાણ થઈ ગયું હતું. આ સમય દરમિયાન સેન્સેક્સ ૩૩ હજાર ૨૫૦ પોઈન્ટના કારોબારમાં જોવા મળ્યો હતો. એ જ રીતે નિફ્ટી ૯ હજાર ૭૫૦ પોઈન્ટ પર હતો. નિફ્ટી સપ્ટેમ્બર ૨૦૧૭ પછી આટલા નિચલા સ્તરે આવ્યો છે. ઈતિહાસનો આ સૌથી મોટો જંગી ઘટાડો હોવાનું મનાય છે. નોંધનીય છે કે છેલ્લા એક અઠવાડિયામાં મુંબઈ શેર બજાર પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં લગભગ ૧૭ લાખ કરોડનો ઘટાડો થયો છે. એટલે કે રોકાણકારોને ૧૯ લાખ કરોડનું નુકસાન થયું છે...! સોમવારે પણ બજારમાં જંગી ગાબડા જોવા મળ્યા હતા. તે અગાઉના બે શુક્રવાર પણ રોકાણકારો માટે બ્લેક ફ્રાઈડે પૂરવાર થયા હતા. બપોરે ૩.૩૦ વાગે બજાર સેન્સેક્સ આંક ૨૯૧૯.૨૬ના ઘટાડા સાથે ૩૨૭૭૮.૧૪ પર અને નિફ્ટી ૮૬૮.૨૫ના ઘટાડા સાથે ૯૫૯૦.૧૫ પર બંધ થયું હતું.

આજે સવારથી જ શેરબજારમાં સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી. આજે મેટલ, રિયલ્ટી, પાવર, ઓઈલ-ગેસ, ઓટો, બેંક, કેપિટલ ગૂડ્ઝ શેરોમાં ધૂમ વેચવાલી જોવા મળી હતી. આજે સવારે તમામ સેક્ટોરલ ઈન્ડાઈસિસ રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે સેન્સેક્સ ૧૮૨૧ અંક ઘટીને ખુલ્યો હતો. તે ૩૪,૦૦૩.૫૮ની સપાટીએ પહોંચ્યો હતો. આ જ રીતે નિફ્ટી ૪૭૦ અંકના ઘટાડા સાથે ૯,૯૯૦.૯૫ પર પહોંચ્યો હતો. અમેરિકાના ઈન્ડેક્સ ડાઉ જોન્સમાં એક વખત ફરી રેકોર્ડ ૧૪૬૪ અંકનો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે નેસ્ડેક, એફટીએસઈ, કોસ્પી, નિક્કેઈ સહિત તમામ અગ્રણી ઈન્ડેક્સ પણ નીચે આવ્યા છે. ૯ માર્ચે સેન્સેક્સમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આ દિવસે સેન્સેક્સ ૧૯૪૧ અંક ઘટ્યો હતો.

બપોરે ૧૨.૪૦ વાગ્યે મ્જીઈ સેન્સેક્સ ૨૨૯૮.૭૪ પોઈન્ટ્સ અથવા ૬.૪૪ ટકા ગગડીને ૩૩,૩૯૮.૧૧ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ૬૯૮.૮૦ પોઈન્ટ્સ અથવા ૬.૬૮ ટકા ઘટીને ૯,૭૫૯.૬૦ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો.

બપોરે ૨.૩૦ કલાકે ઈન્ડેકસ ૮-૮%ના કડાકા સાથે અનુક્રમે ૩૨,૮૮૮ અને ૯૬૨૦ના લેવલે ટ્રેડ કરી રહ્યાં હતા. જોકે આ લેવલેથી ઈન્ડેકસમાં નીચલી સર્કિટ માટે માત્ર ૨%નો જ ઘટાડો સંભવ છે.

બજાર તેજીમાંથી નીચે આવતા રોકાણકારોના શેરની વેલ્યુ લગભગ ૧૧ લાખ કરોડ ઓછી થઈ હતી. સેન્સેક્સની માર્કેટ કેપ ૧૨૬ લાખ કરોડે પહોંચી જે, બુધવારે ૧૩૭ લાખ કરોડ રૂપિયા હતી.સ્ટોક એક્સચેન્જના આંકડા અનુસાર વિદેશી રોકાણકારોએ ૩,૫૧૫.૩૮ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. બજારમાં ૨,૦૮૭ કંપનીઓના શેરમાં કારોબાર થઈ રહ્યો છે. તેમાંથી ૧૮૭૩ કંપનીઓના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. ૧૫૦ કંપનીઓના શેરમાં વધારો નોંધાયો તો ૮ કંપનીઓના શેર ૫૨ સપ્તાહના ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. ગુરુવારના કારોબારમાં ૩૩ કંપનીઓના શેરમાં અપર સર્કિટ લાગી તો ૩૨૯ કંપનીઓના શેરોમાં લોઅર સર્કિટ જોવા મળી હતી. ગઈકાલે વોલસ્ટ્રીટમાં ભારે કડાકા બાદ આજે સવારથી જ એશિયાના બજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. આજે સવારે જાપાનનો નિક્કાઈ ઈન્ડેક્સ ૪.૨ ટકા, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩.૮ ટકા, હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૩.૫ ટકા અને શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૧.૧ ટકા ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા. અમેરિકન શેર બજારમાં પણ કડાકો બોલાઈ ગયો હતો અને ડાઉજોન્સ ઈન્ડેક્સ ૮૭૭ પોઈન્ટ એટલે કે ૩.૫૦% તૂટીને ૨૪૧૪૧ પોઈન્ટની સપાટીએ ઉતરી આવ્યો હતો. જ્યારે નાસ્ડેક ૨૬૮ પોઈન્ટ તૂટીને એટલે કે ૩% તૂટીને ૮૦૭૭ની સપાટીએ નરમ હતો. બીજી તરફ એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ૧૦૨ પોઈન્ટ એટલે કે ૩.૫૩ ટકા તૂટીને ૨૭૭૭ની નીચી સપાટીએ ઉતર્યો હતો.

ટાટા સ્ટીલ, ંદ્રય્ઝ, એક્સિસ બેંકના શેર પર નજર નાંખીએ તો સેન્સેક્સ પર ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ઓએનજીસી, એક્સિસ બેંક અને એસબીઆઈ સહિતના શેરોમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. ટાટા મોટર્સ ૧૧.૧૧ ટકા ઘટી ૮૮.૦૦ પર કારોબાર કરી રહ્યો હતો. ટાટા સ્ટીલ ૮.૮૩ ટકા ઘટી ૨૭૨.૯૫ પર કારોબાર કરી રહ્યો હતો. ઓએનજીસી ૭.૬૧ ટકા ઘટી ૬૬.૨૦ પર કારોબાર કરી રહ્યો છે. એસબીઆઈ ૭.૦૮ ટકા ઘટી ૨૨૭.૮૫ પર કારોબાર કરી રહ્યો છે. એક્સિસ બેંક ૬.૭૭ ટકા ઘટી ૫૭૬.૮૫ પર કારોબાર કરી રહ્યો હતો.

ટ્રમ્પે યુરોપ પર ૩૦ દિવસનો ટ્રાવેલ પ્રતિબંધ લગાવ્યો, કહ્યુ- યુરોપિયન યુનિયને ઈન્ફેક્શનથી બચવા માટે કોઈ ખાસ ઉપાય નથી કર્યા

# કોરોનાની ઝપટમાં ૧૨૦ દેશ, મોતનો આંકડો ૪૬૦૦ને પાર, ૧.૨૫ લાખ લોકોને ઈન્ફેક્શન

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર યુરોપમાં આગામી ૩૦ દિવસ સુધી ટ્રાવેલિંગમાં પ્રતિબંધ લગાવી દીધો છે. એટલે કે યુરોપના દેશોમાંથી કોઈ પણ યાત્રી એક મહિના સુધી અમેરિકા નહીં જઈ શકે. જોકે આ પ્રતિબંધમાં યુકેને છૂટ આપવામાં આવી છે. અમેરિકામાં કોરોના વાઈરસના અત્યાર સુધીના ૧૨૦૦ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન હોલિવૂડ સ્ટાર અને ઓસ્કાર વિજેતા ટોમ હેકન્સ અને તેમની પત્ની રીટા વિલ્સનને પણ આ વાઈરસનું ઈન્ફેકશન લાગ્યું છે. ઈટાલીમાં પણ સતત મૃત્યુઆંક વધી રહ્યો છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૬ લોકોના મોત સાથે કુલ મૃત્યુઆંક ૮૨૭ થઈ ગયો છે.

બુધવારે દેશના નામે આપેલા સંદેશમાં ટ્રમ્પે કહ્યું છે કે, યુરોપિયન યૂનિયને કોરોના વાઈરસથી પ્રભાવિત ચીન સહિત અન્ય દેશો પર યાત્રા સહિત કોઈ પણ પ્રતિબંધ લગાવવામાં નિષ્ફળ રહ્યા છે. અમે યુરોપથી આવતી દરેક ફ્લાઈટ્સ પર ૩૦ દિવસ સુધી પ્રતિબંધ લગાવી દીધો છે. યુકે પર આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો નથી. ચીન બહાર સૌથી વધુ પ્રભાવિત દેશમાં ઈટાલી છે જ્યાં વાઈરસના કારણે અત્યાર સુધી કુલ ૮૨૭ લોકોના મોત થયા છે.

ઈટાલીમાં રાષ્ટ્રીય નાગરિક સુરક્ષા એજન્સીના પ્રમુખ અંજેલો બોરેલીએ જણાવ્યું છે કે, અહીં કોરોના વાઈરસના કારણે ઈન્ફેકટેડ લોકોની સંખ્યા વધીને ૧૨,૪૬૨ થઈ ગઈ છે. બોરેલીએ કહ્યું છે કે, અહીં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૯૬ લોકોના મોત થયા છે. મૃત્યુ પામનાર લોકોમાં મોટા ભાગના લોકો ૮૦થી ૯૦ વર્ષના છે. ઈટાલીમાં ઉત્તરી લોમ્બાર્ડી કોરોના વાઈરસથી સૌથી વધારે પ્રભાવિત છે. અહીં સૌથી વધુ લોકોના મોત થયા છે. ખાડી દેશ ઈરાનમાં પણ કોરોના વાઈરસનો પ્રકોપ ફેલાઈ ગયો છે. ઈરાનમાં આ વાઈરસના કારણે ૩૫૪ લોકોના મોત થયા છે જ્યારે ૯૦૦૦ લોકોને ઈન્ફેક્શન થયું છે. ઈટાલી અને ઈરાનની સાથે દક્ષિણ કોરિયામાં પણ કોરોના વાઈરસનું ઈન્ફેકશન વધ્યું છે. દક્ષિણ કોરિયામાં અત્યાર સુધી કોરોના વાઈરસના કારણે અત્યાર સુધી ૬૦ લોકોના મોત થયા છે. જ્યારે ૭૭૫૫ લોકોને ઈન્ફેકશન થયું છે.

ચીની નાગરિકોની સારી વસ્તી ધરાવતા અમેરિકામાં પણ આ ગંભીર બીમારી ફેલાઈ ગઈ છે. અમેરિકામાં કોરોના વાઈરસથી અત્યાર સુધી ૩૮ લોકોના મોત થયા છે. જ્યારે ૧૩૦૨ લોકોને ઈન્ફેકશન થયું છે. અમેરિકાના ન્યૂયોર્ક, વોશિંગ્ટન, કેલિફોર્નિયા અને ફલોરિડા સહિત આઠ રાજ્યોમાં કોરોના વાઈરસના ઈન્ફેકશનને ધ્યાનમાં રાખીને WHO દ્વારા ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.

## ગુજરાતમાં ઉનાળુ વાવેતર ગત વર્ષની તુલનાએ બમણું થયું

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં ઉનાળુ વાવેતર શરૂ થઈ ગયું છે. પ્રારંભિક આંકડાઓ ગત વર્ષની તુલનામાં સારા વાવેતરના સંકેત આપી રહ્યા છે. તારીખ ૯ માર્ચ સુધીમાં રાજ્યભરમાં ૨લાખ ૫૨ હજાર ૩૦૫ હેકટરમાં ઉનાળુ વાવેતર થયું છે. જે આ સમયગાળામાં ગત વર્ષની તુલનામાં બમણાથી પણ વધુ છે. હાલમાં રાજ્યમાં રવિ વાવેતર ખેતરોમાં કાપણી પર છે. તેમાય જીરું, ચણાની કાપણી શરૂ થઈ ગઈ છે. તો તારીખ ૯ માર્ચ સુધીમાં રાજ્યમાં ઉનાળુ વાવેતર કેટલું થયું છે તેના પર કરીએ નજર તો ડાંગરનું વાવેતર ગત વર્ષે ૨૧ હજાર ૧૦૩ હેકટર હતું જયારે ચાલુ વર્ષે ૪૬ હજાર ૫૦૩ હેકટર થયું છે. તો બાજરીનું ગત વર્ષે ૨૪ હજાર ૭૯૩ હેકટર વાવેતર થયું હતું, જયારે ચાલુ વર્ષે ૪૬ હજાર ૨૯ હેકટરમાં વાવેતર થયું છે. મકાઈનું ગત વર્ષે ૧ હજાર ૬૪ હેકટર વાવેતર થયું હતું જયારે ચાલુ વર્ષે એક હજાર ૮૫૦ હેક્ટરમાં વાવેતર થયું છે. ગત વર્ષે મગનું ૫ હજાર ૬૪૭ હેક્ટરમાં વાવેતર થયું હતું. જયારે ચાલુ વર્ષે ૧૦ હજાર ૮૫૩ હેકટર જમીનમાં વાવેતર થયું છે. સાથે જ મગફળીમાં ગત વર્ષે ૬ હજાર ૫૪૮ તો ચાલુ વર્ષે ૧૯ હજાર ૨૬૯ હેકટર જમીનમાં વાવેતર થયું છે.

## મોડાસા યુવતીના અપમૃત્યુ કેસમાં મામલે આરોપીઓને ક્લીન ચીટ મળતા ચકચાર



(સબંધ કાર્યાલય)

અરવલ્લીના મોડાસા ખાતે યુવતીના અપમૃત્યુ કેસમાં આરોપીઓને કલીન ચીટ આપવામાં આવી છે. સીઆઈડી ક્રાઈમે બે આરોપીઓ વિરુદ્ધ ફરીયાદના પુરાવાઓ તપાસ દરમ્યાન સામે નહી આવ્યાની કોર્ટની અરજી કરી હતી. હવે સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓમાંથી માત્ર બીમલ ભરવાડ સામે દુષ્પ્રેરણાનો ગુનાની કલમ નવેસરથી ઉમેરવાની અરજી કરી છે. આરોપી, બીમલ ભરવાડ, જિગર ભરવાડ અને દર્શન ભરવાડ વિરુદ્ધ દુષ્કર્મ અને હત્યાના કોઈ જ પુરાવા નહી મળતા ગેંગરેપ અને હત્યાની કલમ દુર કરવા માટે સીઆઈડી દ્વારા અરજી કરવામાં આવી છે. જેના પર ૧૯ માર્ચે કોર્ટમાં કાર્યવાહી હાથ ધરાશે.

## રિલાયન્સના શેરોમાં ૮ ટકાનો કડાકો, મુકેશ અંબાણીએ ૧.૧૧ લાખ કરોડ ગુમાવ્યાં

મુંબઈ,તા.૧૨

ચીનમાં ઉદભવેલા કોરોના વાયરસને યુનો દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરાતા સમગ્ર દુનિયાભરના શેરબજારમાં જંગી ખુવારી જોવા મળી છે. ભારતીય શરેબજારમાં આજે ૩૧૦૦ પોઈન્ટનો ઐતિહાસિક વિક્રમી કડાકો બોલાયો છે.

જેમાં ભારતની સૌથી મોટી ખાનગી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં આજે ૮ ટકાથી વધુનો મોટો કડાકો બોલાતો એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની સંપત્તિમાં જંગી ધોવાણ જોવા મળ્યું છે. આ કારણસર તેમની પાસેથી એશિયાના સૌથી મોટા ધનપતિનો તાજ ફરી છિનવાઈ ગયો હતો. અને હાલ આ એશિયાના ધનપતિઓની યાદીમાં ત્રીજા સ્થાને આવી ગયા છે.

આજે બેન્ચમાર્ક બીએસઈ ખાતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો ટ્રેડિંગ સેશન દરમિયાન ૮ ટકાથી વધુના કડાકમાં શેરનો ૧૦૪૯.૫ રૂપિયાની વર્ષની નીચી સપાટીએ બોલાયો હતો. જેની સીધી પ્રતિકુળ અસર મુકેશ અંબાણીની નેટવર્થ ઉપર થઈ છે. ઉલ્લેખનિય છે કે, ચાલુ કેલેન્ડર વર્ષ ૨૦૨૦માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરના ભાવમાં ૨૮ ટકાનું ધોવાણ થયું છે અને સમયગાળા દરમિયાન મુકેશ અંબાણીની સંપત્તિ લગભગ રૂ.૧.૧૧ લાખ કરોડ (૧૫.૨ અબજ ડોલર) ધોવાઈ ગઈ છે. સંપત્તિમાં જંગી ધોવાણને લીધે મુકેશ અંબાણી પાસેથી ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકેનો તાજ છિનવાઈ ગયો છે.

## સાયન્સ સિટીમાં કોરોના વાયરસ વિષે સમજણ આપતું માહિતીસભર વ્યાખ્યાન યોજાયું

(અખબાર યાદી)



સોશિયલ મીડિયા પર કોરોના વાયરસ વિષેની માહિતીને અંધ બની અનુસરી ગભરાવાની જરૂર નથી. ચેપી રોગોના નિષ્ણાત કન્સલ્ટન્ટ ડૉ સુરભિ મદને ગુરુવારે સાયન્સ સિટી અમદાવાદમાં એમના વ્યાખ્યાન દરમ્યાન જણાવ્યું. ડૉ સુરભિ મદન ગુજરાત સાયન્સ સિટી અને ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એંડ ટેક્નોલૉજી દ્વારા આયોજિત "કોરોના વાયરસ વિષે સમજણ" પોપ્યુલર સાયન્સ વ્યાખ્યાનને સંબોધિત કરી રહ્યાં હતાં. ડૉ સુરભિના મતે, આ ડિજિટલ યુગમાં ઈન્ફોર્મેશન ગણતરીની સેકંડમાં વાયરલ થઈ જાય છે ત્યારે લોકો એ વધુ ને વધુ સાવધ રહેવાની જરૂર છે. અને એમને ઉમેર્યું કે કોઈપણ માહિતી પર વિશ્વાસ કરતાં પહેલા એને ક્રોસ ચેક કરવી ખૂબ જ જરૂરી છે. લોકો ગભરાઈને માસ્કના સ્ટોક કરી રહ્યાં છે. અગર તમે કોવિડ-૧૯થી બીમાર (ખાસ કરીને ખાંસી) છો કે કોવિડ-૧૯થી પીડિતની સંભાળ રાખી રહ્યાં છો તો તમારૂ માસ્ક પહેરવું અનિવાર્ય બની જાય છે. માસ્કનો સ્ટોક કરવાથી માસ્કની અછત ઊભી કરે છે, એટ્લે જ બુધ્ધિમત્તાથી માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. અગર તમે સ્વસ્થ છો તો માસ્કનો ઉપયોગ ટાળો. ગભરાશો નહીં, તકેદારી રાખો. જૂજ યુરોપના અને એશિયાના દેશોની વિરુદ્ધ ભારતમાં હજી કોરોના વાયરસ (કોવિડ-૧૯)થી કોઈ કમનસીબ ઘટના બની નથી. ગુજરાતમાં હજી એકપણ કેસ નોંધાયો નથી. અગમચેતી માટે, ડૉ સુરભિએ જણાવ્યું કે, લોકોએ આલ્કોહોલ-યુક્ત હેન્ડ રબ કે સાબુ-પાણીથી હાથ ધોવાની આદત રાખવી જોઈએ. એમને ખાંસતા કે છીંકતા લોકોથી ઓછામાં ઓછું એમ મીટર અંતર રાખવું જોઈએ. આલ્કોહોલ-યુક્ત હેન્ડ રબ કે સાબુ-પાણીથી હાથ ધોવાથી એ તમારાં હાથમાં રહેલા કીટાણુઓનો નાશ કરે છે. તેમ છતાં લોકોથી અંતર રાખવું અને ભીડભાડવાળી જગાઓથી દૂર રહેવું હિતાવહ છે. અગર તમે કોઈની ખૂબ જ નજીક છો તો તમે સૂક્ષ્મ બિંદુથી શ્વાસ લેશો અને કોરોના વાયરસ ખાસ કરીને શ્વાસોચ્છ્વાસના સૂક્ષ્મ બિંદુથી હવામાં ફેલાય છે. એમણે વધુમાં જણાવ્યું. ડૉ સુરભિએ લોકોને આગ્રહપૂર્વક શ્વાસોચ્છ્વાસની સ્વચ્છતાના આચરણની અરજી કરી. "જ્યારે તમે છીંક કે ઉધરસ ખાવો ત્યારે હાથથી મોઢું ઢાંકવું અનિવાર્ય છે.આ વાયરસ હવામાં ફેલાય છે તેથી આ એકદમ સરળ અને અસરકારક ટેવ છે. આ શ્વાસોચ્છ્વાસની સ્વચ્છતાના તમને અને તમારાં આસપાસના લોકોને શરદી, ફ્લૂ અને કોવિડ-૧૯થી બચાવી શકો છો." એમણે જણાવ્યું. એમણે વધુમાં દવાઓ વિષે જણાવતાં કહ્યું કે કોઈપણ ખાનગી હોસ્પિટલને કોરોના વાયરસથી પીડાતા લોકોની સારવારની પરવાનગી નથી. માત્ર સરકારી હોસ્પિટલને પરવાનગી છે અને લોકોને એમનો સંપર્ક કરવાની સલાહ આપી. ડૉ સુરભિએ ઘરડા લોકો અને બ્લડ પ્રેસર, હાર્ટના રોગી, અને ડાયાબિટીસના દર્દીઓને વધુ સાવચેતી રાખવાની સલાહ આપી. "એક સર્વેક્ષણ અનુસાર કોવિડ-૧૯ ઘણા લોકોને અસર કરે છે પણ ખાસ કરીને ગંભીર રોગોથી પીડાતા વૃદ્ધો અને પહેલાથી પીડાતા રોગીષ્ઠ લોકોને વધુ અસર કરે છે. એમણે અંતમાં કહ્યું.

## કોંગ્રેસના ૬થી૭ ધારાસભ્યો પક્ષપલટો કરી ભાજપમાં જોડાવાની અટકળો તેજ

ગાંધીનગર,તા.૧૨

મધ્ય પ્રદેશમાં જે માહોલ છેલ્લા ચાર દિવસમાં જોવા મળ્યો એ માહોલ હવે ગુજરાતમાં ઊભો થાય એવા એંધાણ છે. જાણીતા અને માનીતા નેતાઓ પક્ષપલટો કરે એવી શક્યતાઓ સેવાય રહી છે. જ્યોતિરાદિત્ય સિંધિયા તેમજ ૨૨ ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા છે. આવું ગુજરાતમાં પણ થશે. ગુજરાત કોંગ્રેસમાંથી કેટલાક જાણીતા નેતાઓ છૂટા થઈને ભાજપમાં જોડાય એવી સંભાવના છે. હાલમાં ૭૩ પૈકી ૬થી૭ ધારાસભ્યો પક્ષમાંથી છૂટા થઈ જશે.

ભાજપ વર્તુળમાંથી જાણવા મળતી અનુસાર ત્રણ ઉમેદવારો રાજ્યસભામાંથી ચૂંટાઈને જશે. આ માટેનું ખાસ આયોજન તૈયાર થઈ ચૂક્યું છે. ભાજપે ગુજરાતમાંથી બે ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. હવે કોંગ્રેસ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરશે. આવી શક્યતાના માહોલ વચ્ચે ભાજપ પોતાના ત્રીજા ઉમેદવારનું નામ પણ જાહેર કરશે. આ ત્રીજા ઉમેદવારને જીતાડવા માટે કોંગ્રેસના ધારાસભ્યો પાસે ક્રોસ વોટિંગ કરાવવું ભાજપના જીતલક્ષી એજન્ડા માટે અનિવાર્ય છે. જે ભાજપ પક્ષ માટે સરળ છે. હોળીની રજા બાદ વિધાનસભાગૃહમાં મળેલી એક બેઠકમાં

(અનુસંધાન ત્રીજા પાને)

## વાહ સંસ્થાનો પાંચમો ઇન્ક્રેડિબલ જુનિયર સાયન્ટિસ્ટ એવોર્ડ કાર્યક્રમ

(અખબાર યાદી)




વાહ સંસ્થાએ ધોળકા તાલુકાની ૭૦ અને હાલોલ તાલુકાની ૧૩૫ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ દત્તક લઈ આ શાળાઓના બાળકો માં વૈજ્ઞાનિક વલણોનો વિકાસ થાય તે હેતુથી લર્નિંગ બાય ડુઈંગ ના સિદ્ધાંત અનુસાર બાળકો, પ્રયોગ જાતે કરી પોતાના અનુભવમાંથી શીખે તે હેતુથી વૈજ્ઞાનિક કીટ નું વિતરણ ગયા વર્ષે કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત આ ૨૦૫ શાળાઓના લગભગ ૪૫ હજારથી વધારે બાળકો વાહ સંસ્થા દ્વારા અપાયેલ વૈજ્ઞાનિક કીટ નો ઉપયોગ કરી વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં આવતા પ્રયોગો જાતે કરી અનુભવથી શીખે છે.

આ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સંશોધનાત્મક વલણોના વિકાસ જોવા માટે ૧૮ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ હાલોલની કલરવ હાઈસ્કુલ ખાતે વિજ્ઞાનપ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેમાં વિજેતા વિદ્યાર્થીઓને અમદાવાદ બોલાવી વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ બાળકોને અને તેમને તૈયાર કરનાર શિક્ષકોને ૬૦ હજારથી વધારે રકમ તથા એવોર્ડ આપી વાહ સંસ્થાના પાંચમાં ઈન્ક્રેડિબલ જુનિયર સાયન્ટિસ્ટ એવોર્ડ કાર્યક્રમ માં સન્માનિત કર્યા હતા. વાહ સંસ્થા અને વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર વચ્ચે એક એમ.ઓ.યુ તાજેતરમાં કરવામાં આવ્યું હતું જેમાં દર મહિનાના બીજા શનિવારે વાહ સંસ્થા દ્વારા ૪.૩૦ વાગે વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં વિજ્ઞાનમાં રસ પડે તેવી વ્યકિતઓ માટે દિનેશ ઓ શાહ વ્યાખ્યાનમાળા નું આયોજન કરવામાં આવ્યું હતું.

## અંબાજીમાં ખોડિવડલી સર્કલ પર ટ્રાફીક સિગ્નલ ઉભું કરવાની માંગ

(પ્રતિ.દાંતા)


અહેવાલ : અમીત પટેલ

ગુજરાતના અતિ લોકપ્રિય શક્તિપીઠ અંબાજીની ગણના ગુજરાત અને ભારત દેશમાં થઈ વિદેશ સુધી થઈ રહી છે. આખા વિશ્વ માંથી અહીં ભક્તો દર્શન માટે આવે છે. અહીં નવરાત્રી, ભાદરવી મહામેળો અને નવરાત્રીના પર્વમાં ભારે ભક્તોનો પ્રવાહ જોવા મળે છે. આ ધામમાં બાયપાસ રોડની કોઈજ વ્યવસ્થા નથી. આ ધામમાં રીંગ રોડ ક્યારે બનશે તે હજી સુધી ઠેકાણુ પડ્યું નથી. ત્યારે આ ધામમાં ભારે ટ્રાફિક જામ થવાના દ્રશ્યો અવારનવાર જોવા મળે છે. આ ધામમાં પાર્કિંગ માટે કોઈ મોટા પાર્કિંગ બનાવાયા નથી. દર્શન પથ ઉપર જગ્યા જગ્યાએ ટ્રાફીક જામ થવાના બનાવો દ્રશ્યો જોવા મળે છે. પણ આ ધામમાં વાહન ચાલકો સીટી વિસ્તારમાં ભારે સ્પીડથી વાહન હંકારીને કાયદાના નિયમોનું પાલન કરતા નથી ત્યારે અંબાજીના સૌથી ભરચક વિસ્તાર ખોડીવડલી સર્કલ પર દબાણોને કારણે અહીં વાહન ચાલકો સર્કલ ફરીને આવ્યા વગર કાયદા કાનૂનના ધજીયા ઉડાવી રહ્યા છે.

અંબાજીના ખોડીવડલી સર્કલ પર પસાર થતા વાહનો ખુબજ ઓવરસ્પીડથી પસાર થઈ રહ્યા છે. અહીં બંને બાજુથી આવતા વાહનો માટે કોઈજ પોલીસ પોઈન્ટ ન હોવાના કારણે મોટી હોનારત થવાના ભણકારા વાગી રહ્યા છે. અંબાજી પોલીસ આ જગ્યા પર પોલીસ પોઈન્ટ ઉભો કરે તો અહીંથી વાહન ચાલકો સ્પીડ મર્યાદામાં રહી વાહન હંકારી શકે, અમદાવાદ જેવા મોટા સીટી વાળા કાઉન્ટીંગ ટ્રાફિક સિગ્નલ અહીં જલ્દીથી પોલીસ વિભાગ તરફથી ઉભા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ સિવાય આ સર્કલ પર ચારે બાજુ નાના નાના સ્પીડ બ્રેકર લગાવવામાં આવે તેવી માંગ પણ ઉઠી છે. જે લોકો પોલીસના કાયદાનું પાલન કરતા નથી તેમના વાહનો તાત્કાલીક ધોરણે જપ્ત કરવામાં આવે સાથે તેમના વાહનોને પાલનપુર આરટીઓ નો મેમો આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. અહીં સર્કલ પર દબાણ જોવા મળે છે જે તાત્કાલીક ધોરણે હટાવવામાં આવે સાથે ૨૪ કલાક પોલીસનો પોઈન્ટ લાલ - લીલી લાઈટ સાથે શરુ કરવામાં આવે.

## ગિરનાર પર્વત પર રાષ્ટ્રીય કક્ષાની આરાહોણ શિબિરમાં સહભાગી થતા ૩૦ શિબિરાર્થીઓ

**ગિરનારની ગીરી કંદરાઓ ખુંદતા શિબિરાર્થીઓ**



માહિતી બ્યુરો, જૂનાગઢ

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તથા ભારતીય પર્વતારોહણ સંસ્થાન નવી દિલ્હીના સંયુક્ત પ્રયાસોથી ગિરનાર પર્વત પર રાષ્ટ્રીય કક્ષાની આરોહણ શિબિરનુ આયોજન તા. ૯ થી ૧૫ માર્ચ સુધિ કરવામાં આવ્યુ છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર ઉત્તરાખંડ, પશ્ચીમ બંગાળ, ગુજરાત, મધ્યપ્રદેશ સહિતના ૨૩ ભાઈઓ અને ૭ બહેનો ગિરનારની ગીરી કંદરાઓ ખુંદી રહયા છે.

ગુજરાતના સૌથી ઉંચા પર્વત ગિરનાર ઉપર ૩૬૬૬ ફુટ ઊંચાઈએ દુર્ગમ ખડકો પર શિબિરાર્થીઓ આરોહણ કરી રહયા છે. તા.૧૫ માર્ચ સુધી યોજાનાર આરોહણ શિબિરમાં ગુજરાતના તેમજ અન્ય રાજ્યોના મળીને ૩૦ જેટલા શિબિરાર્થીઓ, પ્રશિક્ષકો અને વિષય નિષ્ણાત સહિત ૩૫ જેટલા લોકો સહભાગી થયા હતા. ગિરનારમાં દુર્ગમ અને ઉંચા ખડકો ઉપર વિવિધ રૂટ ઉપર આરોહણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં દેશભરમાંથી પસંદગી પામેલ યુવક-યુવતીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.આ શિબિરમાં ઈન્ચાર્જ અને નિવૃત ઈન્સટ્રક્ટર કે.પી રાજપુત, વિષય નિષ્ણાત તરીકે ભરત ભટ્ટ તથા પ્રશિક્ષક તરીકે મનીષ પરમાર જોડાયા હતા. શિબિરના આયોજન સંચાલનની કામગીરી પર્વતારોહણ કેન્દ્રના ઈન્ચાર્જ ઉપેન્દ્રસીંહ રાઠોડ સંભાળી રહ્યા છે.

## સાઇબર ક્રાઇમ ડિપાર્ટમેંટના ડીસીપી ડો.રાજદીપસિંહ ઝાલાને ઇ-રક્ષા અવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે.



(અખબાર યાદી)

ગુજરાતનાં અમદાવાદ શહેરના સાઈબર ક્રાઈમ ડિપાર્ટમેંટના ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને દિલ્હી નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા ઈ-રક્ષા અવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ (સીસીટીએનએસ) હેકાથોન અને સાઈબર ક્રાઈમ ચેલેન્જ – ૨૦૨૦ અંતર્ગત સીસીટીએનએસ આઈડિયાથોન અને ઈ-રક્ષા અવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈ-રક્ષા અવોર્ડમાં અમદાવાદ શહેરના સાયબર ક્રાઈમ ડિપાર્ટમેંટના ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. આ અવોર્ડ તેમને તેમના ઈન્કમ ટેક્સ ફ્રોડ અને આઈઆરયુ ઉપરના કાર્યો માટે આપવામાં આવ્યો છે. દિલ્હી ખાતે ૧૨ માર્ચના રોજ યોજાયેલા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો ૩૫માં સ્થાપના દિવસે આયોજિત કાર્યક્રમમાં ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને ઈ-રક્ષા અવોર્ડથી સન્માનીત કરાયા.

## મોડાસામાં ધો.૧૨ સાયન્સની પરીક્ષામાં બાયોલોજીનું પેપર પરીક્ષાર્થીએ મિત્રને વોટ્સએપથી બહાર મોકલી આપ્યું, પોલીસ ફરિયાદ નોંધાઇ

(સબંધ કાર્યાલય)

ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અટકાવવા પાછલા ૪ વર્ષથી સીસીટીવી કેમરાની નિગરાની હેઠળ પરીક્ષાઓ યોજાઈ રહી છે અરવલ્લી જીલ્લાના મોડાસાની બ્રાઈટ જુનિયર પરીક્ષાકેન્દ્ર પર ધો.૧૨ સાયન્સની પરીક્ષામાં બાયોલોજી પેપરમાં વિદ્યાર્થીએ પરીક્ષા ખંડની અંદરથી મોબાઈલ વડે ફોટા પાડીને વોટ્સએપ દ્વારા અન્યને મોકલી દઈને પેર લીક કરી વોટ્સએપ્પ પર જવાબો લખતો હોવાનું સીસીટીવી કેમેરામાં કેદ થતા કેન્દ્ર સંવાહકની સતર્કતાથી પરીક્ષાર્થીની ડિજિટલ ચોરીનો પર્દાફાશ થયો હતો. કેન્દ્ર સંવાહકે પરીક્ષાર્થી સામે તેમજ વોટ્સએપ્પ પર જવાબ લખાવનાર યુવક સામે મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. અરવલ્લી જિલ્લાના મોડાસામાં બોર્ડની પરિક્ષામાં ગેર રીતીનો બીજી ઘટના સામે આવી છે. ધોરણ.૧૨ સાયન્સની પરીક્ષામાં બુધવારે બાયોલોજી વિષયનું પેપર હતું જેમાં મોડાસાના ડીપ વિસ્તારમાં આવેલ બ્રાઈટ



તસવીર : જાકીર સિપાઈ, અહેવાલ : ચન્દ્રકાંત રાવલ

જુનિયર સ્કૂલના પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપતો દિપક પ્રકાશભાઈ ચૌહાણ (રહે,બોરોલ, તા-બાયડ) નામના પરીક્ષાર્થીએ તેને સંતાડી રાખેલા સ્માર્ટ ફોન થી પ્રશ્નપત્રનો ફોટો પાડી કેંદ્ર ના બહાર બેઠલ તેના મિત્ર હાર્દિક વિનોદભાઈ પંચાલ ને મોકલ્યુ હતુ અને તેના મિત્રએ જવાબ લખી વોટસએપ પર મેસેજ કર્યો હતો. સમગ્ર ઘટના પરીક્ષાખંડમાં રહેલા સીસીટીવી કેમેરામાં દ્રશ્યો કેદ થતા સીસીટીવી કેમેરાનું જીવંત રેર્કોડિંગ જોઈ રહેલા કેન્દ્ર સંવાહક અજયકુમાર મહેન્દ્ર પ્રસાદ પંડ્યાના ધ્યાને આવતા તાબડતોડ પરીક્ષાખંડમાં પહોંચી સુપરવાઈઝરને જાણ કરી પરીક્ષાર્થીને પરીક્ષાકેન્દ્રમાં તલાસી લેતા તેની પાસેથી સ્માર્ટ ફોને મળી આવતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થતા શિક્ષણજગતમાં ભારે ચકચાર મચી હતી. આ અંગે અજયકુમાર મહેંદ્રપ્રસાદ પંડયા દ્વારા ફરીયાદ નોંધાતા, મોડાસા ટાઉન સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા બન્ને આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે જીલ્લા મેજીસ્ટ્રેટ ના જાહેરનામાના ભંગની કલમ ૧૮૮ અને ગુનેગારીમાં મદદગારીની કલમ ૧૨૦(બ) હેઠળ ૧) દિપક પ્રકાશભાઈ ચૌહાણ (રહે,બોરોલ, તા-બાયડ) અને ૨) હાર્દિકભાઈ વિનોદભાઈ પંચાલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## મહિલા પોલીસ અધિકારીઓ તેમના મનપસંદ શોપિંગ ડેસ્ટિનેશન પર ખરીદી માટે ગયા

(અખબાર યાદી)

ફ્યુચર લાઈફસ્ટાઈલ ફેશન દ્વારા અમદાવાદની લોકપ્રિય એપરલ સ્ટોર બ્રાન્ડ ફેક્ટરીને આ ગુરુવારે કેટલાક અનોખા મુલાકાતીઓએ આકર્ષ્યા હતા. બ્રાન્ડ ફેક્ટરી, અમદાવાદ એ તેમની નવી ઝુંબેશ બાય ૨ ગેટ ૩ ફ્રી જાહેર કરી, જે ૧૨ થી ૨૨ માર્ચ ૨૦૨૦ સુધી ચાલશે જેમાં અનોખા અતિથિઓ અમદાવાદની મહિલા પોલીસ દળ દ્વારા આકર્ષિત કરવામાં આવી હતી. બ્રાન્ડ ફેક્ટરી હંમેશાં શોપહોલિક્સ માટે એક આદર્શ સ્થળ રહ્યું છે જ્યાં તેઓ બહુવિધ એક્સક્લૂઝિવ બ્રાન્ડ્સ અને અમેઝિંગ ઓફર માટે આવતા હોય છે. આ વખતે સ્ટોરમાં શહેરના મહિલા પોલીસ અધિકારીઓનું સ્વાગત કરવાનું સૌભાગ્ય હતું જેઓ શહેરનો અભૂતપૂર્વ ભાગ છે અને તેની સુરક્ષા માટે ચોવીસ કલાક કામ કરે છે. શહેરની ૩૦ જેટલી મહિલા પોલીસ અધિકારીઓએ અમદાવાદ ની બ્રાન્ડ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. તેમની હાજરી સ્ટોરમાં સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરી હતી. બ્રાન્ડ ફેક્ટરીના સ્ટાફ મેમ્બરો દ્વારા ભવ્ય સલામી આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તે અનુભવ વિશે બોલતા મહિલા પોલીસ અધિકારી એ જણાવ્યું હતું કે "અમને ખરીદી ની સાથે અને ૨ બાય ૩ ગેટ ૩ ફ્રી નો લાભ મેળવવામાં આનંદ થયો.હું અને મારા સાથીદારો ઓફર નો લાભ મેળવવામાં ખૂબ જ આનંદ અનુભવીએ છીએ અને અમને મળેલા સ્વાગત અને આદરથી સન્માન અનુભવીએ છીએ. ઉનાળા માટે મહિલાઓ માટે ના એથનિક અને વેસ્ટર્ન આઉટફિટ્સ નો કલેક્શન ખૂબ ઉત્કૃષ્ટ છે." બ્રાન્ડ ફેક્ટરીના પ્રતિનિધિઓએ જણાવ્યું છે કે "અમારું ઝુંબેશ બાય ૨ ગેટ ૩ ફ્રી ભારતમાં ૨૨ માર્ચ, ૨૦૨૦ સુધી ચાલુ રહેશે. અમારા માટે એ મોટો લહાવો છે કે મહિલા પોલીસ અધિકારીઓ અમારા સ્ટોર પર આવીને મહિલા સુરક્ષાને લઈને અમારા મહિલા સ્ટાફ સાથે વાતચીત કરી.અમે તેમને અમારા સ્ટોર પર રાખ્યા અને સમાજ માટે સારું કામ કરનારાઓને ઓળખવાનો લહાવો મળ્યો તે માટે અમને ગૌરવ છે. બ્રાન્ડ ફેક્ટરી ના



બીજા પ્રતિનિધિ એ જણાવ્યું કે "નવું અભિયાન, બાય ૨ ગેટ ૩ ફ્રી, પુરુષો, મહિલાઓ અને બાળકો, સામાન, સ્પોર્ટ્સ શૂઝ, એસેસરીઝ અને ઘણાં બધાં માટે ફેશન વસ્ત્રો પર લાગુ છે.તે બધા ખરીદદારો માટે વધુ બચત અને ખરીદી કરવાની તક છે. બાય ૨ ગેટ ૩ ફ્રી ઓફર સમગ્ર સ્ટોર્સ પર બ્રાન્ડ્સ અને કેટેગરીમાં લાગુ છે. તેથી, લોકો ફક્ત ૨ ના ભાવે ૫ વસ્તુઓ ખરીદી કરી શકે છે! આટલુંજ નહિ, પણ સાથે રૂપિયા ૪૦૦૦ થી વધારે ની શોપિંગ પર ૧૦% વધારાની છૂટ પણ મળી રહેશે.

## જાણીતા હાસ્ય કલાકાર દિગુભા ચુડાસમાના હસ્તે ભડિયાદ ખાતે જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીની વિતરણ કાર્યક્રમ યોજાયો

**છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયાની પરીસ્થિતિના આધારે પસંદ કરવામાં આવેલા અમદાવાદ જીલ્લાના વિવિધ ગામોમાં ૨૫૪૦૦ જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરાશે**

(સબંધ કાર્યાલય)

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૨૦૨૨ સુધી ગુજરાત અને ૨૦૩૦ સુધીમા સંપૂર્ણ ભારત મેલેરિયા મુક્ત બને તેવા ઉદેશ્ય સાથે હાથ ધરાયેલી ઝુંબેશના ભાગરૂપે અમદાવાદ જિલ્લા પંચાયત સંલગ્ન મેલેરિયા શાખા દ્વારા ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર દિગુભા ચુડાસમાના હસ્તે ભડીયાદ ખાતે જંતુનાશક દવાયુક્ત મચ્છરદાની વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મેલેરિયા શાખા અમદાવાદ દ્વારા છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયાની પરિસ્થીતીના આધારે સર્વે કરીને મેલેરિયા માટે અતિ સવેદનશીલ ગામ પસંદ કરવામાં આવેલ છે અને અમદાવાદ જીલ્લાના વિવિધ ગામોમાં ૨૫૪૦૦ જંતુનાશક દવાયુકત મચ્છરદાનીનું વિતરણ કરાશે. અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન મુજબ દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતું કે, ૨૦૨૨ સુધી સમગ્ર ગુજરાતમાંથી મેલેરિયાનું નિર્મૂલન કરવા તેમજ ૨૦૩૦ સુધીમા સંપૂર્ણ ભારતને મેલેરિયા મુક્ત કરવાના ઉદેશ્ય સાથે હાથ ધરાયેલી ઝુંબેશના ભાગરૂપે મેલેરિયા શાખા અમદાવાદ દ્વારા સર્વે કરીને મેલેરિયા માટે અતિ સવેદનશીલ ગામ પસંદ કરવામાં આવેલ છે. અમદાવાદ જીલ્લાના વિવિધ તાલુકાના છેલ્લા ત્રણ વર્ષની મેલેરીયાની પરિસ્થીતીના આધારે પસંદ કરવામાં આવેલ ગામોમાં કુલ ૨૫૪૦૦ જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવનાર છે. દવાયુક્ત મચ્છરદાનીના વિતરણ પહેલા ગામ ના લોકો ને એક સ્થાન પર ભેગા કરી દવાયુક્ત મચ્છરદાનીના ફાયદા સમજાવવામાં આવ્યા હતા. ગર્ભવતી મહિલાઓ, ગર્ભસ્થ શિશુ તથા પાંચ વર્ષથી નાના બાળકોને મેલેરિયાથી વધારે જોખમ હોવાથી સરકાર દ્વારા દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરાયું છે. આ દવાની પણ કોઈ આડઅસર થતી નથી. લોકોએ માત્ર આ મચ્છરદાની તડકામાં ન રહે તેની તકેદારી રાખવાની હોય છે. કોઈ પણ તાવ મલેરિયા હોય શકે છે એટલે તાવ આવે તો આરોગ્ય કાર્યકર અથવા તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જઈને લોહીની તપાસ કરાવવી જોઈએ.



## સુરતઃ મનપામાં ફફડાટ, એક કર્મચારીની અપ્રમાણસર મિલકત મામલે ACBએ કરી ધરપકડ

(સબંધ કાર્યાલય)

સુરત ACB દ્વારા સુરત મહાનગર પાલિકામાં કતારગામ ઝોનમાં કામ કરતા મદદનીશ ઈજનેરને આજે તેમની અપ્રમાણસર મિલકત અંગે ગુનો નોંધી તેમની ધરપકડ કરવામાં આવી છે. આ અધિકારી ૨૦૧૬માં રૂપિયા ૨૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા, આ મામલે તપાસ ચાલતી હતી. આજરોજ તેમની ધરપકડ કરતા મનપા કર્મચારીમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. થોડા દિવસ પહેલા ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની બીક બતાવી રૂપિયાની માંગણી કરતા મહાનગર પાલિકાના કર્મચારીને એસીબીએ લાંચ લેતા ઝડપી પાડ્યો હતો, ત્યારે આજે અન્ય એક કર્મચારી વિરુદ્ધ ચાલતી તપાસમાં આ અધિકારી પાસે અપ્રમાણસર મિલકત મળી આવતા, એસીબી દ્વારા આ અધિકારી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, ૨૦૧૬માં રાંદેર ઝોનમાં કામ કરતા રાજેશ પટેલે બાંધકામને લઈને એક ફરિયાદી પાસે રૂપિયા ૨૫ હજારની લાંચ માંગી હતી. ફરિયાદી દ્વારા એસીબીનો સંપર્ક કર્યા બાદ આ અધિકારી લાંચ લેતા



એસીબીના હાથે રંગે હાથ ઝડપાઈ ગયો હતો. ત્યારબાદ આ અધિકારીને મહાનગર પાલિકા દ્વારા સસ્પેન્ડ પણ કરવામાં આવ્યો હતો. એસીબીએ બાદમાં તેની પાસે રહેલી મિલકતનિ તપાસ શરુ કરી હતી. જોકે, આ અધિકારીને બાદમાં પરત કતારગામ ઝોનમાં ફરજ પર લઈ લેવામાં આવ્યો હતો, આખરે એસીબીની તપાસમાં આ અધિકારી પાસેથી ૬૧.૫૯ ટકા મિલકત એટલે કે ૮૪ લાખ ૭૪ હજાર ૬૭૨ રૂપિયાની મિલકત મળી આવી હતી. જે વિશે પૂછતાછ કરતા મનપા આ અધિકારી રાજેશ પટેલ કોઈ પણ જવાબ આપી શક્યા ન હતા. અધિકારીની પોતાની ખેતી માટેની જમીન, મકાન, પ્લોટ, ઓફિસ, વાહન, બેન્ક એફડી, લોકરમાં દાગીના બાબતે તમામ તપાસ બાદ એસીબી દ્વારા તેમના વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો, અને આજ રોજ પોલીસ દ્વારા આ લાંચિયા અધિકારીની ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવી છે.




ખૂબ ખૂબ
આભાર

- બેંકિંગ સેકટરમાં રહેલી ડિપોઝીટ પર ઇન્સ્યોરન્સ મર્યાદા રૂા. ૧ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરવા માટે
- આવકવેરાનો દર ૩૩%નો હતો તેમાં ૧૧%નો માતબર ઘટાડો સહકારી ક્ષેત્ર માટે પણ ૨૨% કરી આપવા માટે
- સહકારી ક્ષેત્રમાં મૂડી ઉભી કરવા માટેની Scheme જાહેર કરવા માટે

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી
તથા
માન. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ નો

ગુજરાતની જીલ્લા સહકારી બેંકો, ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક્સ ફેડરેશન તેમજ
ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ આભાર માને છે.

GSC BANK APEX BANK

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.
(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

શ્રી શંકરભાઇ એલ. ચૌધરી
વાઇસ ચેરમેન

તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી અજયભાઇ એચ. પટેલ
ચેરમેન


Editor, Publisher, Printer, & Owner : Vijaykumar Anirudh Trivedi, Place of Publication : Sabandh Karyalaya, Dharnidhar Society, THARAD , Dist. BANASKANTHA. Printed at : Mahadev Offset, H/47. Ravi Estet, Rustam Mill Compaund, Dudheswer, Ahmedabad,-380004 મહાદેવ ઓફસેટ, અમદાવાદ ખાતેથી છપાતુ અને થરાદ, ધરણીધર સોસાયટી ખાતેથી પ્રસિદ્ધ થતુ દૈનિક SABANDH-Daily
તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : વિજયકુમાર અનિરુધ્ધ ત્રિવેદી, પ્રકાશન સ્થળ : સબંધ કાર્યાલય, ધરણીધર સોસાયટી,થરાદ, જિ. બનાસકાંઠા. મુદ્રક :મહાદેવ ઓફસેટ, એચ/૪૭, રવી એસ્ટેટ, રુસ્તમ મીલ કમ્પાઉન્ડ, દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, E-mail : sabandh58@gmail.com સબંધ - દૈનિક